પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 04-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day: WENESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો... નવેમ્બર માસમાં એરિયર્સ ચૂકવાશે.

2) પશુ વીમા કવચ યોજના અંતર્ગત પશુપાલકોને 229 ભરીને 40,000 સુધીનું એક વર્ષનું વીમા કવચ આપવાનો સરકારનો નિર્ણય.

3) સ્ટાર્ટઅપ ઇનોવેશનના વ્યાપારીકરણને વેગ આપવા સરકાર દ્વારા 'ગ્રોથ ફંડ' લોન્ચ કરાયું.

4) દિવાળીના તહેવારો દરમિયાન કોઇપણ ઇમરજન્સીને પહોંચી વળવા માટે 108 સેવા સજ્જ.

5) ઓકલેન્ડ ખાતેની પહેલી એકદિવસિય મેચમાં ભારતે ન્યુઝિલેંડને પાંચ વિકેટે હરાવ્યું.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CABINET

રાજ્ય મંત્રી મંડળની આજે યોજાયેલી બેઠકમાં વિવિધ પ્રજાલક્ષી નિર્ણયો લેવાયા હતા. આ નિર્ણયની માહિતી આપતા સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે પશુ વીમા કવચ યોજના અંતર્ગત પશુપાલકો માટે રાહતરૂપ જાહેરાત કરવામાં આવી છે. નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ ગુજરાતના એક લાખ પશુઓને વીમા કવચ પૂરું પાડવાનો પ્રોજેક્ટ મંજૂર કરાયો છે. આ યોજના હેઠળ પશુપાલક માત્ર 229 ભરીને 40,000 સુધીનું એક વર્ષનું વીમા કવચ મેળવી શકશે.

(બાઇટ - જીતુ વાઘાણી (પશુ વિમા કવચ)

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણયની માહિતી આપતાં પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે અમરેલી જિલ્લાના શિયાળબેટ ટાપુ પર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવા સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ છે.

આ ઉપરાંત અન્ય નિર્ણયોમાં રાજ્યભરમાં 'જનજાતિય ગૌરવ દિવસ' અને 'જનજાતિય ગૌરવ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી 15 નવેમ્બરે યોજાશે જેમાં રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ છોટાઉદેપુર જિલ્લામાં યોજાશે.

RECORD

31મી ઓક્ટોબર, 2026ના રોજ ગુજરાતમાં રાજ્યવ્યાપી ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના 18,000થી વધુ ગામો, તમામ 17 મહાનગરપાલિકાઓ અને 152 નગરપાલિકાઓમાં આ ઉજવણી કરાઇ હતી. જેના પરિણામે ગુજરાતભરના અંદાજે 1.32 કરોડ નાગરિકો વર્ચ્યુઅલ અને પ્રત્યક્ષ માધ્યમથી સહભાગી બન્યા હતા. આ જનજાગૃતિ અને ઐતિહાસિક સહભાગિતાને “વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ-લંડન” દ્વારા રેકોર્ડ સ્થાને માન્યતા આપવામાં આવી છે, જેનું સર્ટિફિકેટ આજની કેબિનેટ બેઠક દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું.

GOVERNMENT HOLIDAY

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નવમી નવેમ્બરના રોજ પડતર દિવસે સરકારે રજા જાહેર કરી છે. જાહેર થયેલી દિવાળીની રજાઓ દરમિયાન નવમી નવેમ્બરે પડતર દિવસ હતો. જેને કારણે આ દિવસ દરમિયાન રજા ન હતી. પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓ પરિવાર સાથે દિવાળીના તહેવાર ઉજવી શકે તે માટે સરકારે નવમી નવેમ્બરે રજા જાહેર કરીને આગામી 28મી નવેમ્બરના રોજ ચોથા શનિવારની રજાના બદલે તે દિવસે સરકારી કચેરીઓને કાર્યરત રાખવાનો નિર્ણય કરાયો છે. આ રજા રાજ્ય સરકારના, પંચાયતને બોર્ડ નિગમના કર્મચારીઓ માટે જાહેર કરાઇ છે.

GIFT CITY START UP

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આજે 'ગ્રોથ ફંડ' લોન્ચ કરવામાં આવ્યું છે. આ પહેલનો ઉદ્દેશ સ્ટાર્ટઅપ ઇનોવેશનના વ્યાપારીકરણને વેગ આપવાનો અને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત-2047'ના વિઝનમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત યોગદાન આપવાનો છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં સાવલી ટેક્નોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર દ્વારા'ગુજરાત ઇનોવેશન એન્ડ ટેક્નોપ્રેયોરશિપ કોન્ક્લેવ 2026'નું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે રાજ્ય સરકાર દ્વારા 10 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હોવાનું મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું.

(બાઇટ - અર્જૂન મોઢવાડિયા , ટેકનોલોજી મંત્રી)

VALSAD YUVA SAMVAD

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ જિલ્લા યુવા અધિકારી કચેરી, માય ભારત વલસાડ દ્વારા રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટી ખાતે વિકસિત ભારત યુવા સંવાદ - Know Your Vote' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનો સાથે લોકશાહી, મતદાનના મહત્ત્વ અને રાષ્ટ્રના વિકાસમાં યુવા શક્તિની ભૂમિકા અંગે સંવાદ કર્યો હતો.

જેમાં યુવાનોને મતદાનના અધિકાર અને તેની સાથે જોડાયેલી નાગરિક જવાબદારી અંગે માહિતગાર કર્યા હતા. તેમણે યુવાનોને પોતાના મતાધિકારનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા પ્રેરિત કર્યા હતા.

JAIL PARED

ગુજરાત જેલ અને સુધારાત્મક વહીવટ પ્રભાગની તાલીમ સંસ્થા ખાતે જેલ સહાયકોની 20મી બેચનો શપથ સમારોહ અને દીક્ષાંત પરેડ યોજાઈ હતી. આ સમારોહમાં 60 મહિલા અને 478 પુરુષ મળી કુલ 538 તાલીમાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. આ ગૌરવપૂર્ણ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા જેલ અને સુધારાત્મક વહીવટના ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવે તાલીમાર્થીઓને સંબોધન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

108 EMERGENCY

દિવાળીના પર્વ દરમ્યાન રાજ્યમાં 108 ઇમરજન્સી સર્વિસ છેલ્લા 20 વર્ષથી ખડેપગે કાર્યરત રહેશે. એક અંદાજ મુજબ સામાન્ય દિવસોમાં 5,248 ઇમરજન્સીઝ કેસ નોધાતા હોય છે જે લગભગ 16% થી વધીને દિવાળીના દિવસે 6,111 થવાની સંભાવના રહે છે. બેસતા વર્ષના દિવસે એમાં 29%નો વધારો થઈને આ ઇમરજન્સી 6,716 થવાની શક્યતા છે અને ભાઈબીજના દિવસે પણ આ ઇમરજન્સીમાં 20% વધીને 6,453 રહેશે તેવુ અનુમાન છે. દિવાળીના દિવસે, ફટાકડા ફોડવાથી નાની - મોટી ઇન્જરીઝ અને દાજી જવાના કેસ અને શ્વાસને લગતા દર્દીના કેસ જોવા મળે છે.

108 ઈમર્જન્સી સેવાના સીઇઓ જસવંત પ્રજાપતિએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે કોઇપણ ઇમરજન્સી સ્થિતીને પહોંચી વળવા 108 સેવા સજ્જ છે.

(બાઇટ - જસવંત પ્રજાપતિ)

108 EMERGENCY

દિવાળીના પર્વ દરમ્યાન રાજ્યમાં 108 ઇમરજન્સી સર્વિસ છેલ્લા 20 વર્ષથી ખડેપગે કાર્યરત રહેશે. એક અંદાજ મુજબ સામાન્ય દિવસોમાં 5,248 ઇમરજન્સીઝ કેસ નોધાતા હોય છે જે લગભગ 16% થી વધીને દિવાળીના દિવસે 6,111 થવાની સંભાવના રહે છે. બેસતા વર્ષના દિવસે એમાં 29%નો વધારો થઈને આ ઇમરજન્સી 6,716 થવાની શક્યતા છે અને ભાઈબીજના દિવસે પણ આ ઇમરજન્સીમાં 20% વધીને 6,453 રહેશે તેવુ અનુમાન છે. દિવાળીના દિવસે, ફટાકડા ફોડવાથી નાની - મોટી ઇન્જરીઝ અને દાજી જવાના કેસ અને શ્વાસને લગતા દર્દીના કેસ જોવા મળે છે.

108 ઈમર્જન્સી સેવાના સીઇઓ જસવંત પ્રજાપતિએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે કોઇપણ ઇમરજન્સી સ્થિતીને પહોંચી વળવા 108 સેવા સજ્જ છે.

(બાઇટ - જસવંત પ્રજાપતિ)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

MEHSANA FOOD DEPARTMENT

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને મહેસાણા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દ્વારા તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું. છેલ્લા એક અઠવાડિયા દરમિયાન જિલ્લાના ખાદ્ય ચીજવસ્તુઓના એકમો પર તપાસ હાથ ધરીને અખાદ્ય પદાર્થનો નાશ કર્યો હતો જ્યારે 180 કિલોગ્રામ વેજીટેબલ ઓઈલ અને 1050 કિલોગ્રામ શંકાસ્પદ માવાનો જથ્થો સીઝ કરવામાં આવ્યો.

BHRUCH FIRE

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં પાનોલી ઔદ્યોગિક વસાહતમાં આજે સતત બીજા દિવસે પણ આગનો બનાવ જોવા મળ્યો હતો એક કેમ કંપનીમાં વિશાળ આગ લાગી હતી અને જેમાં સાત જેટલા ફાયર ફાઈટરોએ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ત્રણ કામદારો દાઝી ગયાના અહેવાલ છે.

RAJKOT CENSUS

રાજકોટ જિલ્લામાં 10 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી 2027 દરમિયાન વસ્તી ગણતરી હાથ ધરાશે.

રાજકોટ જિલ્લામાં જાન્યુઆરી-2027 થી વસતી ગણતરીનો બીજો તબક્કો શરૂ થશે. આ રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય સહયોગ આપવા નાગરિકોને વહીવટી તંત્ર દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લામાં આ બીજા તબક્કાની કામગીરી માટે 17 ચાર્જ ઓફિસરો ઉપરાંત અંદાજિત 2902 ગણતરીદારો તથા 486 સુપરવાઈઝરોને ફરજ સોંપવામાં આવી છે.

આ તબક્કા દરમિયાન નાગરિકો પાસેથી કુલ 40 મુદ્દાઓ હેઠળ માહિતી એકત્રિત કરવામાં આવશે. તેમાં વ્યક્તિની જન્મ તારીખ, ઉંમર, વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયે ઉંમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ અને જાતિ જેવી વ્યક્તિગત વિગતો તેમજ માતા-પિતાની માહિતી, રોજગાર અને વ્યવસાય સંબંધિત વિગતોનો સમાવેશ થાય છે.

ANGDAN

ગાંધીનગર જિલ્લાના દહેગામના 35 વર્ષીય યુવાનનું બ્રેઈનડેડ થતાં, તેમનાં પરિવારે અંગદાન માટે મંજૂરી આપી છે. આ નિર્ણયથી 3 જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળ્યું છે. આ સાથે જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અંગદાનનો આંકડો 260 પહોંચ્યો છે.

આ અંગદાન થકી 1 લીવર અને 2 કિડની મળીને કુલ 3 મહત્વપૂર્ણ અંગો પ્રાપ્ત થયા હતા. આ તમામ અંગોને સિવિલ મેડિસિટી કેમ્પસમાં આવેલી કિડની હોસ્પિટલ ખાતે તાત્કાલિક મોકલી આપીને જરૂરિયાતમંદ દર્દીઓમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

MEN'S CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારતે ઓકલેન્ડ ખાતે વરસાદથી પ્રભાવિત પ્રથમ વનડેમાં યજમાન ન્યૂઝીલેન્ડ પર પાંચ વિકેટથી વિજય મેળવીને પાંચ મેચની શ્રેણીમાં 1-0 ની લીડ મેળવી છે. પ્રથમ બેટિંગ કરતાં ન્યૂઝીલેન્ડે 40.2 ઓવરમાં 185 રન બનાવ્યા હતા. વરસાદના વિક્ષેપોને કારણે ડકવર્થ-લુઈસ-સ્ટર્નના આધારે ભારતને 32 ઓવરમાં 143 રન કરવાના હતા. ભારતે ફક્ત 22.4 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરીને મેચ જીતી લીધી. વિરાટ કોહલીએ 51 બોલમાં 74 રન બનાવીને ભારતને વિજય અપાવ્યો હતો જ્યારે શુભમન ગિલે 37 રન કર્યા હતા. બીજી વનડે શનિવારે વેલિંગ્ટન ખાતે રમાશે.

DNG GRAMIN VIKAR PROJECT

ભારતીય રિઝર્વ બેંક અમદાવાદ ક્ષેત્રીય કાર્યાલયના પ્રાદેશિક નિદેશક અમરેશ રંજન અને રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક – નાબાર્ડ ગુજરાતના ચીફ જનરલ મેનેજર જી. વી. સુનિલકુમારે ડાંગની મુલાકાત લીધી. બંને ઉચ્ચ અધિકારીઓએ જિલ્લામાં નાબાર્ડ દ્વારા સહાયિત યોજનાઓ તેમજ સહયોગી સંસ્થાઓના માધ્યમથી ચાલતા વિવિધ ગ્રામીણ પરિયોજનાઓનું નિરીક્ષણ કર્યું.

MSN SHOPPING FEST

મહેસાણામાં આયોજિત શૉપિંગ ફેસ્ટિવલમાં એક શાળાના દિવ્યાંગ બાળકોની વિશેષ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બની, જ્યાં બાળકો રંગબેરંગી દીવડા, મીણબત્તી, રૂમાલ જેવી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરી રહ્યા છે. શાળાના સંચાલક વિષ્ણુ ચૌધરીએ કહ્યું, બાળકોની અંદરની ક્ષમતાઓ ઉજાગર કરવાની સાથે તેમને સ્વાવલંબન બનાવવાના હેતુસર આ સ્ટૉલ લગાવવામાં આવી છે.

DEARNESS ALOWENCE

દિવાળીના તહેવારમાં રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મોંઘવારી ભથ્થામાં આ વધારાનો લાભ પહેલી જુલાઈ, 2026થી અમલી બનશે. છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સેવાના, પંચાયત સેવાના તથા અન્ય સંસ્થાઓના કુલ 4.62 લાખ કર્મયોગીઓ અને અંદાજે 5.07 લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ મળીને કુલ 9.69 લાખથી વધુ પરિવારોને આ નિર્ણયનો સીધો આર્થિક ફાયદો થશે.

તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

(BYTE – JITU VAGHANI)

BHAVNAGAR DETAIN

ભાવનગર વિભાગની સુરક્ષા શાખા દ્વારા રોડ પર બીન અધિકૃત રીતે મુસાફર વહન કરતા વાહનો જેવા કે થ્રી વ્હીલ ટેમ્પો, મેજીક રીક્ષા, મીની બસો વિરૂધ્ધ કલાન્ડેસ્ટાઈન ઓપરેશન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું. ઝુંબેશમા ટ્રાફીક પોલીસ અને આર.ટી.ઓ. તંત્રને સાથે રાખી નિગમ દ્વારા ઓક્ટોબર માસમાં કરાયેલી સંયુક્ત ઝુંબેશમાં 14 વાહનો ડીટેઈન કરવામા આવેલ હતા, પોલીસ દ્વારા કુલ 158 વાહનોને મેમો ઈસ્યુ કરવામા આવેલ તેમજ સ્થળ પર કુલ રૂા.1 લાખ 20 હજાર 500 દંડ પેટે વસુલાત કરવામા આવેલ હતો.